અપીલ અરજી નં.૯૩ તા.૨૫–૫ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૦–૪–૧૧ ની અરજીથી (૧) ડ્રેનેજ પાણી વિભાગમાંથી બદલી પામીને શહેરી વિકાસમાં ફરજ આવ્યા બાદજુની.ઈજનેર સુરવાલાએ અત્યાર સુધીમાં (શહેરીવિકાસમાં) કરેલ કાર્યવાહીની માસિક,ડાયરી (વર્કબુક)ની નકલ આપશો. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૨૫–૫–૧૧ ની **SMC/FAP/** નં.૯૩/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૦–૪–૧૧ ની અરજીથી (૧)ડ્રેનેજ પાણી વિભાગમાંથી બદલી પામીને શહેરી વિકાસમાં ફરજ આવ્યા બાદ જુનિ. ઈજનેર સુરાવાલાએ અત્યાર સુધીમાં (શહેરીવિકાસમાં) કરેલ કાર્યવાહીની માસિક, ડાયરી (વર્કબુક)ની નકલ આપશો. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતિ આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૭૯ તા.૧–૬–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૦–૪–૧૧ ની અરજીથી માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ નથી તેવું જણાવી તા.૨૫–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.૧૭૦ તા.૧૫–૬–૧૧ થી નિયત સમય અવધિ પૂર્ણ થયા બાદ અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જે અંગે અરજદારના મુદ્દા નં.(૧) ડ્રેનેજ પાણી વિભાગમાંથી બદલી પામીને શહેરી વિકાસમાં ફરજ આવ્યા બાદ જુનિ. ઈજનેર સુરાવાલાએ અત્યાર સુધીમાં (શહેરીવિકાસમાં) કરેલ કાર્યવાહીની માસિક, ડાયરી (વર્કબુક)ની નકલ આપશો. મુદ્દા નં.(૨) આ ફરજકાળ દરમ્યાન તેમણે જે જે ગેરકાયદે બાંધકામો ઉભા થયા હોય તેવા બાંધકામના મિલ્કતધારકે કામ બંધ કરવા અંગે થયેલ કામ દુર કરવા અંગે કે એન્ટ્રી નોટીસો આપી હોય તે તમામે તમામ નોટીસોની નકલો આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ તથા ૨ અંગેની નકલ સંબંધિત ખાતાના લાગુ જુની. ઈજનેરશ્રી પાસ ે મેળવી લેવી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) નોટીસો આપ્યા બાદ કેટલા ગેરકાયદે ઉભા થયેલા બાંધકામોનું ડીમોલીશન આપના વિભાગ ધ્વારા કરવામાં આવ્યું તેની મિલ્કતધારકનું નામ, મિલ્કતનું સરનામું, ડીમોલીશન કર્યા તારીખ તથા ડીમોલીશન કર્યા બાદ મિલ્કતધારક પાસેથી વહીવટી ચાર્જ પેટે જે જે રકમ વસુલ કરી હોય તેની નકલો (પહોંચની નકલ) સહિતની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી મુદ્દા નં.૩ અંગેનું લીસ્ટ ઉકત મુદ્દાની નકલ સાથે મેળવી લેવા વ્યવસ્થા કરશોજી. તેવું જણાવેલ છે. પરંતુ અરજદારે અપીલ તબકકે તે મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ? તે વિશે કોઈ પ્રકાશ પાડેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિ પૂર્ણ થયા બાદ ૧૫–૬–૧૧ ના પત્રથી લાગુ જુ. ઈજનેર પાસેથી ફી વસુલાતનો ઉલ્લેખ કર્યા વિના મેળવી લેવા ત્રણેય મુદ્દા માટે પ્રસ્તાવ કરેલ છે જેને અનુલક્ષી અરજદાર જાહેર માહિતી અધિકારીની કચેરીમાં દિન–૭ માં સંપર્ક કરી માંગેલ માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૭–૨૦૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,